**<u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ દ્વારા એનિમલ હેલ્થ એન્ડ પ્રોડકટીવીટી હેઠળ વિશ્વ દૂધ દિવસ ની ઉજવણી કરવામાં આવી</u>**

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સીટી, અરણેજ દ્વારા તા. ૦૧/૦૬/૨૦૨૧ ના રોજ ભારતના અમૃત મહોત્સવ અને એનિમલ હેલ્થ એન્ડ પ્રોડકટીવીટી હેઠળ વિશ્વ દૂધ દિવસની ગુગલમીટના માધ્યમથી ઓનલાઈન ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૬૨ ખેડૂત ભાઈ બહેનોએ હર્ષભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત કેવિકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. કે. ડી. ગુલકરી એ બધાનું શાબ્દિક સ્વાગત કરી પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. શ્રીમતી. હીનાબેન ચાવડા (વૈજ્ઞાનિક ગૃહ વિજ્ઞાન) દ્વારા મનુષ્ય જીવનમાં દૂધનું મહત્વ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. ડૉ. નિતિન પટેલ (વૈજ્ઞાનિક પશુ વિજ્ઞાન) દ્વારા સ્વચ્છ દૂધ ઉત્પાદન વિષય પર પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી. કે. કે. પટેલ પ્રોજેક્ટ ડાયરેક્ટર, આત્મા, અમદાવાદ હાજર રહેલ હતા. કાર્યક્રમના અંતમાં કૃષિ ઇજ. દિનેશ રંગપરા દ્વારા સર્વે ભાઈ બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નિતિન પટેલ (વૈજ્ઞાનિક પશુ વિજ્ઞાન) દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત એનિમલ હેલ્થ એન્ડ પ્રોડકટીવીટી હેઠળ તા. ૨૬/૦૫/૨૦૨૧ અને ૨૭/૦૫/૨૦૨૧ ના રોજ અનુક્રમે 'પશુઓની પસંદગી' અને 'સારી ગુણવતા વાળા દુધના ઉત્પાદન' વિષય ઉપર ટ્રેનીંગનું આયોજન કરવામાં આવેલ હતું.


AAU
Bharat ka Amrut Mahotsav
ICAR
World Milk Day (1st June, 2021)
HUMP
ROUNDED SHAPE FOREHEAD
DEWLAP
Organizer:
Krishi Vigyan Kendra
Anand Agricultural University, Arnej


Yogesh Patel is presenting
12:51 PM
ગાયનું દૂધ
ઉંટડીનું દૂધ
૧૦ ગણું લોહ તત્વ
૩ ગણું વિટામીન સી
વધુ કેલ્શિયમ
ઓછી ચરબી
You
hhc119 aau
Gauri Vaniya
Sonalba Dabhi
Raksha Patel
Nitin Patel
jignesh parmar
Yogesh Patel
Meeting details
Raise hand
Turn on captions
Yogesh Patel is presenting